### ગુજરાતમાં ચૂંટણી પહેલા જ રાજકારણ ગરમાયું

# રાજ્યમાં આંદોલનોની ભરમાર

## રાજ્યમાં હાલ ઠેર ઠેર વિરોધ પ્રદર્શનો થઇ રહ્યા છે, માલધારી સમાજ, ખેડૂતો, શિક્ષકો, આરોગ્ય કર્મીઓ અને એસટી કર્મચારીઓએ ગુજરાત સરકાર સામે મોરચો માંડ્યો છે

ગાંધીનગર,તા.૧૭

રાજ્યમાં ચૂંટણી પહેલા જ રાજકારણ ગરમાયું છે. ત્યારે બીજી બાજુ ગુજરાત સરકાર વિરુદ્ધ અનેક સમાજ અને સંસ્થાના લોકોએ પોતાની માંગણીઓ મુકીને બાંયો ચડાવી છે. રાજ્યમાં હાલ ઠેર ઠેર વિરોધ પ્રદર્શનો થઇ રહ્યા છે. માલધારી સમાજ, ખેડૂતો, શિક્ષકો, આરોગ્ય કર્મીઓ અને એસટી કર્મચારીઓએ ગુજરાત સરકાર સામે મોરચો માંડ્યો છે. ગુજરાતમાં ચૂંટણી પહેલા આટલા વિરોધને કારણે રાજ્ય સરકાર પણ તમામની માંગો અને વાતો સાંભળી રહી છે અને આ ગુથ્થીઓને સુલઝાવવા માટે અનેક પ્રયોજનો કરી રહી હોય તેવું દેખાઈ રહ્યું છે. આધારભૂત સૂત્રોનું માનીએ તો, ગુજરાત સરકારે આ આંદોલનોને શાંત પાડવા માટે એક કમિટિની પણ રચના કરી છે. ત્યારે સરકાર હવે થોડા જ સમયમાં આ તમામ વિરોધો સામે કેવો માસ્ટર સ્ટ્રોક મારશે કે નહીં તે જ જોવાનું રહેશે. રાજ્યમાં ઢોર નિયંત્રણ કાયદો વિધાનસભામાં પસાર કરાયો છે જેની સામે હાઈકોર્ટની દખલગીરી બાદ સરકારે પગલા લેવા પડ્યા છે. જેના કારણે માલધારી સમાજમાં ભારે રોષ છવાયો છે. આ કાયદો પાછો ખેંચવાની માંગ સાથે રવિવારે શેરથામાં જંગી સંખ્યામાં માલધારીઓ ઉમટી પડ્યા હતા. આ સાથે માલધારીઓએ એલાન પણ કર્યુ છે કે, તારીખ ૨૧મીએ સમગ્ર ગુજરાતમાં પશુપાલકો-માલધારીઓ દૂધનું વેચાણ નહીં કરે. એટલું જ નહીં, ડેરીમાં પણ દૂધ નહીં ભરે. આ લોકોએ ચિમકી પણ ઉચ્ચારી છે કે, જો આ કાયદો પાછો નહીં લેવામાં આવે તો, ગુજરાતભરમાંથી માલધારી સમાજ ગાંધીનગરમાં ધામા નાંખશે. શિક્ષકોએ પણ સરકાર સામે લડત ચલાવી છે. સરકારી કર્મચારીઓ જ્યાં સુધી જૂની પેન્શન યોજના ઉપરાંતના પ્રશ્નો નહીં ઉકેલે ત્યાં સુધી આંદોલન ચાલુ જ રાખશે. સરકારે કર્મચારી મંડળોમાં ભાગલા પાડી અને પોતાની વાતમાં લાવીને વિરોધ શાંત કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ કર્મચારીઓએ સાથે રહીને સરકારના આ મનસુબા પર પાણી ફેરવી દીધું છે. ગાંધીનગરમાં સરકારી કર્મચારી સંકલન સમિતિની બેઠક મળવાની છે. જેમાં આગામી સમયમાં આ આંદોલન વધુ તેજ બનાવવામાં આવે તેની રણનીતિ બનાવવામાં આવશે. ખેડૂતો પણ પોતાની વિવિધ માંગણીઓ લઈને આંદોલનના મૂડમાં છે. ભારતીય કિસાન સંઘ રાજ્ય સરકાર સામે આક્રમક મૂડમાં છે. છેલ્લા ૨૪ દિવસથી ગાંધીનગરના સેન્ટ્રલ વિસ્ટામાં ખેડૂતો ધરણાં યોજીને વિરોધ નોંધાવી રહ્યા છે. આજે બલરામ સંઘના નેતાઓ એક મહત્ત્વની બેઠક કરવાના છે. જેનાથી આ વિરોધ પ્રદર્શન વધુ વેગવંતુ બનશે તેવા એંધાણ લાગી રહ્યા છે. કિસાન સંઘના નેતાઓએ સરકાર પર આરોપ પણ લગાવ્યો છે. કે, સરકાર કર્મચારીઓના આંદોલનને શાંત કરવાની મથામળમાં ખેડૂતોની સામે જ જોઈ નથી રહી. છેલ્લા ૪૩ દિવસથી પંચાયત આરોગ્ય કર્મચારીઓ પણ આંદોલન કરી રહ્યા છે. આ આંદોલનને કારણે પંચાયતમાં આરોગ્યલક્ષી કામગીરી ખોરંભે પડી છે. આરોગ્ય કર્મીઓની માંગ છે કે, જ્યાં સુધી ગુજરાત સરકાર પડતર માંગણીઓ નહીં સ્વીકારે ત્યાં સુધી ગુજરાતભરમાં આ આંદોલન યથાવત રહેશે. રવિવારે સરકાર અને કર્મચારીઓ વચ્ચે બેઠક પણ થઈ હતી પરંતુ તેમાં પણ કોઈ સમાધાન આવ્યું નથી. ગુજરાત રાજ્ય સરકારના ચોથા વર્ગના કર્મચારીઓ પણ હવે સામે આવ્યા છે.

વર્ગ ૪ના કર્મચારીઓએ પણ આરોગ્ય મંત્રીને આવેદનપત્ર આપીને પડતર માંગો સ્વિકારવાની રજૂઆત કરી છે. પરંતુ આ અંગે પણ કોઈ સમાધાન ન મળતા આજથી વર્ગ-૪ના કર્મચારીઓ ગાંધીનગરમાં ધરણાં પ્રદર્શન કરવાના છે. એસટી કર્મીઓએ પણ સરકાર સામે બાંયો ચડાવી છે.

# ડાંગમાં અનરાધાર વરસાદથી નદીઓમાં ઘોડાપુરની સ્થિતિ

## અંબિકા, ગીરા, પૂર્ણા, ખાપરી નદી બે કાંઠે વહી : ગિરિમથક સાપુતારા ખાતે સતત ૨ કલાક એકધારો વરસાદ વરસ્યો

ડાંગ,તા.૧૭

રવિવારે ડાંગ જિલ્લામાં મેઘરાજા મહેરબાન થયા હતા. ગિરિમથક સાપુતારા સહિત આહવા, વઘઈ, સુબીર પંથકમાં વરસાદી માહોલ છવાયો છે. ભારે વરસાદને કારણે ગામમાં નદીઓ વહેતી થઈ છે. તે ઉપરાંત વઘઈના રેસ્ટોરન્ટમાં પણ પાણી ભરાયા હતા. ભારે વરસાદને કારણે ખેતરોમાં પાણી ભરાયેલા રહેલા ખેડૂતોનો પાક સંપૂર્ણ નિષ્ફળ ગયો છે. ખેડૂતોએ લીલો દુષ્કાળ જાહેર કરી સહાય ચૂકવવા માગ કરી છે. ડાંગ જિલ્લામાં બપોર બાદ વરસેલા અનરાધાર વરસાદને કારણે નદીઓમાં ઘોડાપુરની સ્થિતિ સર્જાઈ છે. અંબિકા, ગીરા, પૂર્ણા અને ખાપરી નદી બે કાંઠે વહેતી થઈ. લો લેવલ કોઝવે પર પાણી ફરી વળતા વાહનવ્યવહારને ભારે અસર પહોંચી. ધુલચોન્ડ, કુમારબંધ, આંબાપાડા, સુસરદા સહિત અનેક કોઝવે ઉપર પાણી ફરી વળ્યાં. ઘોડાપુરની સ્થિતિ સર્જાતા નદી કિનારે ન જવા તંત્રએ લોકોને અપીલ કરી છે. વઘઈ તાલુકામાં રવિવારે બપોરે ૪થી ૬ કલાકમાં એટલે, બે કલાકમાં ૨.૯૧ ઈંચ વરસાદ ખબક્યો હતો. સાંજે ૪થી ૬માં આહવામાં ૧૩ એમ એમ, વઘઈમાં ૭૪ એમએમ, સુબીરમાં ૧૬ એમએમ, સુપાતારામાં ૨૭ એમએમ વરસાદ નોંધાયો છે. ગિરિમથક સાપુતારા ખાતે સતત ૨ કલાક એકધારો વરસાદ વરસતા ગાઢ ધૂમ્મસીયુ વાતાવરણમાં પ્રવાસીઓનો આનંદ બેવડાયો છે. અવિરત વરસાદ વરસતા લોકોને ઠંડીનો સામનો કરવો પડી રહ્યો છે. રાજ્યમાં છેલ્લા ૧૮ કલાકમાં માત્ર ૬ તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમા સૌથી વધુ વલસાડના ઉમરગામમાં ૧.૩૨ ઈંચ, સુબીરમાં ૧.૨ ઈંચ વરસાદ નોંધાયો છે. ચોમાસાની વિદાય અંગે હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીએ જણાવ્યું હતું કે, ચોમાસાની સિઝનનો છેલ્લો તબક્કો ચાલી રહ્યો છે. હવે ચોમાસું વિદાય ક્યારે લેશે તેના પર લોકોની નજર છે.

ગુજરાતમાંથી સપ્ટેમ્બરના અંતમાં ચોમાસુ વિદાય લેવાની શરૂઆત થઈ જશે. ૨૮ સપ્ટેમ્બરથી ૩ ઓક્ટોબર સુધીમાં કચ્છ અને ઉત્તર ગુજરાતના વિસ્તારમાંથી ચોમાસુ વિદાયની શરૂઆત થઈ જશે. ૩ થી ૮ ઓક્ટોબર સુધીમાં રાજ્યમાંથી ચોમાસાની વિદાય થશે તેવું અનુમાન છે. ચોમાસાની વિદાય અને તે દરમિયાન નવરાત્રી આવી રહી છે. ત્યારે ચોમાસાની વિદાય વચ્ચે પણ વરસાદ થવાનું અનુમાન છે. લોકલ સિસ્ટમ એટલે કે, થન્ડર સ્ટ્રોમના કારણે નવરાત્રી દરમિયાન વરસાદ થશે.

# આજે શહીદોના સ્મરણાર્થે વીરાંજલિ કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ થવા પર સમગ્ર દેશમાં આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. જે અંતર્ગત ગાંધીનગરમાં ભવ્ય વીરાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા તારીખ ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૨ મંગળવારે સાંજે ૮ કલાકે સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન ખાતે ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડા અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહેશે.

ગાંધીનગરમાં યોજાનાર આ કાર્યક્રમ ગુજરાતનો સૌથી મોટો વીરાંજલિ કાર્યક્રમ છે. જેમાં મલ્ટી મીડિયા શૉ, મેગા મ્યુઝિકલ ડ્રામા તેમજ સુપ્રસિદ્ધ કલાકાર સાંઈરામ દવે દ્વારા શહીદોને શાબ્દિક વીરાંજલિ આપવામાં આવશે. આ ભવ્ય કાર્યક્રમમાં તમામ નગરજનોને ઉપસ્થિત રહેવા માટે હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

# ગાંધીનગર મહાનગરપાલિકાને મુખ્યમંત્રી શહેરી સડક યોજના અંતર્ગત રૂ. સાત કરોડની ફાળવણી

ગાંધીનગર, તા.૧૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નગરો-મહાનગરોમાં નાગરિક સુવિધા સુખાકારી કામોની વૃદ્ધિ માટેની સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાને વધુ વેગવંતી બનાવવાનો અભિગમ અપનાવ્યો છે મુખ્યમંત્રીએ આ સંદર્ભમાં રાજ્યની બે મહાનગર પાલિકા વડોદરા અને ગાંધીનગરમાં જન સુવિધા વિકાસના વિવિધ કામો માટે રૂ. ૨૯૧.૨૨ કરોડ મંજૂર કર્યા છે. ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ દ્વારા મુખ્યમંત્રી સમક્ષ રજુ કરવામાં આવેલી દરખાસ્ત અન્વયે વડોદરા મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે આંતરમાળખાકીય વિકાસના ૨૨૭ કામો માટે રૂ. ૨૮૪.૨૨ કરોડ રૂપિયાના કામોને તેમણે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. મુખ્યમંત્રીએ ગાંધીનગર મહાનગરપાલિકાને પણ મુખ્યમંત્રી શહેરી સડક યોજના અન્વયે ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે ૭ કરોડ રૂપિયા મુખ્યમંત્રી સ્વર્ણિમ જયંતિ શહેરી વિકાસ યોજનામાંથી ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આ રૂ. ૭ કરોડની રકમ ગાંધીનગર મહાનગરમાં સમાવિષ્ટ ખોરજ, ઝૂંડાલ, અમીયાપૂર, સુઘડ, કોટેશ્વર અને ભાટ ગામની ટી.પી માં બે નવા આસ્ફાલ્ટ રોડના કામો માટે ઉપયોગમાં લેવાશે.

આ બે મહાનગરોમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અન્વયે વિકાસ કામો માટેની દરખાસ્ત સંબંધિત મહાનગરપાલિકાઓ દ્વારા ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ મારફત મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રજુ કરવામાં આવી હતી તેને તેમણે સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૨૯મીએ સુરતના પ્રવાસે

## ૩૧૦૦ કરોડના વિકાસ કાર્યોની આપશે ભેટ : કાર્યક્રમમાં કેન્દ્ર તથા રાજ્ય સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને પ્રધાનમંત્રીના હસ્તે લાભો એનાયત કરવામાં આવશે

સુરત, તા.૧૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સુરતના પ્રવાસે આવવાના છે. પીએમ મોદી ૨૯ સપ્ટેમ્બરે સુરત આવશે. સુરત ખાતે સુરત મહાનગરપાલિકા તથા સુરત જિલ્લાના તેમજ કેન્દ્ર સરકારના અનેકવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ/ખાતમુહૂર્ત કરશે. જેના આયોજનના ભાગરૂપે આજરોજ સરકીટ હાઉસ ખાતે મેયર હેમાલીબેન બોઘાવાલા, મ્યુ.કમિશનર બંછાનિધિ પાની, જિલ્લા કલેકટર આયુષ ઓકના વડપણ હેઠળ કાર્યક્રમના આયોજન અર્થે પદાધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજાઈ હતી. પ્રધાનમંત્રીનો મુખ્ય કાર્યક્રમ તા.૨૯મીએ સવારે ૯ વાગે લિંબાયત ખાતેના નિલગીરી મેદાન ખાતે યોજાશે.

પ્રધાનમંત્રીના હસ્તે સુરત મહાનગરપાલિકા, સુરત જિલ્લાના તથા કેન્દ્ર સરકારના અંદાજીત રૂ.૩૧૦૦ કરોડના વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ/ખાતમુહૂર્ત સંપન્ન થશે. બેઠકમાં મ્યુ.કમિશનર બંછા નિધિ પાની તથા જિલ્લા કલેકટર આયુષ ઓક દ્વારા પ્રધાનમંત્રીના કાર્યક્રમને અનુલક્ષીને વિવિધ સમિતિઓના નોડલ અધિકારીઓને કામગીરી અંગે રચનાત્મક સૂચનો કર્યા હતા. પ્રધાનમંત્રીના કાર્યક્રમના સુચારૂ આયોજન અર્થે મંડપ, પાર્કિંગ અને વ્યવસ્થા કમિટી, સંકલન, પ્રોટોકોલ, સ્ટેજ વ્યવસ્થાપન, સ્વાગત, સ્વચ્છતા, ટ્રાન્સપોર્ટેશન, કંટ્રોલરૂમ જેવી ૧૬ જેટલી સમિતિઓની રચના કરી નોડલ અધિકારીઓની નિમણુંક કરવામાં આવી છે. કાર્યક્રમમાં કેન્દ્ર તથા રાજ્ય સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને પ્રધાનમંત્રીના હસ્તે લાભો એનાયત કરવામાં આવશે. આ બેઠકમાં ધારાસભ્ય કાંતિભાઈ બલર, પ્રવિણભાઈ ઘોઘારી, અરવિંદ રાણા, ઝંખનાબેન પટેલ, વી.ડી.ઝાલાવડીયા, ડે.મેયર, સ્થાયી સમિતિના ચેરમેન પરેશભાઈ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી ડી.એસ.ગઢવી, શહેર પક્ષ પ્રમુખ નિરંજનભાઈ ઝાંઝમેરા તથા જિલ્લા વહીવટીતંત્ર-મહાનગર પાલિકાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



નવરાત્રીનું કાઉન્ટ-ડાઉન - મા-આદ્યશક્તિની આરાધનાના પર્વ નવરાત્રી મહોત્સવની તડામાર તૈયારીઓમાં ગુજરાતીઓ લાગી ગયા છે... શેરી ગરબાથી લઈ પાર્ટી પ્લોટના આયોજનની જોરશોરથી તૈયારીઓ આરંભાઈ છે.... તો ખેલૈયાઓમાં પણ થનગનાટ જોવા મળી રહ્યો છે. નવરાત્રીમા ચણીયાચોળીનું મહત્વ એટલું છે... બે વર્ષના અંતરાલ બાદ નવરાત્રી મહોત્સવનો માહોલ કંઈક અનેરો દેખાઈ રહ્યો છે. બજારમાં વિવિધ ચણીયાચોળી ઠલવાઈ છે... નગરજનો ખરીદીમાં વ્યસ્ત થઈ ગયા છે... બસ હવે નવરાત્રીના ગરબાના ઢોલ ઢબૂકે એની રાહ જોવાઈ રહી છે...

# અમદાવાદના સેટેલાઈટમાં ૧૨મા માળે લાગી આગ

## આગની ઘટના બાદ ફાયર વિભાગે કાબૂ મેળવી લીધો : ફાયર બ્રિગેડની ૬ જેટલી ગાડીઓએ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચીને આગ પર કાબૂ મેળવી લીધો હતો

અમદાવાદ,તા.૧૭

શહેરના શ્યામલ વિસ્તારમાં આવેલી આઈકોનિક બિલ્ડિંગમાં છેક ૧૨મા માળે આગ લાગવાની ઘટના બની છે. આ બનાવ પર ફાયર વિભાગ દ્વારા કાબૂ મેળવી લેવામાં આવ્યો છે. ફર્નિચરનું કામ ચાલી રહ્યું હતું ત્યારે આગની ઘટના બની હોવાનું સામે આવ્યું છે. રાત્રે લાગેલી આગની જાણ થતા ફાયર વિભાગનો કાફલો ઘટના સ્થળ પર પહોંચી ગયો હતો. બિલ્ડિંગમાં ૧૨મા માળે આગ લાગતા અન્ય ફ્લોર પર રહેતા લોકોમાં પણ ડરનો માહોલ છવાઈ ગયો હતો.

જોકે, આગ પર કાબૂ મેળવી લેવાતા આઈકોનિક બિલ્ડિંગના રહેવાસીઓએ રાહતનો શ્વાસ લીધો છે. આગની ઘટના અંગે જાણ થતાં ફાયર વિભાગના અધિકારીઓ પણ ઘટના સ્થળ પર પહોંચ્યા હોવાની વિગતો મળી રહી છે. રાત્રે બનેલી આગની ઘટના બાદ ફાયર વિભાગનો કાફલો ઘટના સ્થળ પર પહોંચ્યો હતો અને વિવિધ રીતે આગ પર કાબૂ મેળવવા માટે હાથ ધરેલા પ્રયાસમાં સફળતા મળી હતી. આ બનાવ કઈ રીતે બન્યો તે અંગે હવે તપાસ કરવામાં આવી રહી છે. આગ અન્ય ફ્લોર પર પ્રસરે તે પહેલા જ તેના પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો.

રાત્રે લાગેલી આગની ઘટના બાદ બિલ્ડિંગની આસપાસ લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા. આઈકોનિક બિલ્ડિંગની આસપાસમાં બનેલી બિલ્ડિંગમાંથી લોકો દ્વારા ઘટનાના વિડીયો પોતાના મોબાઈલ ફોનમાં કેદ કરવામાં આવ્યા હતા. આઈકોનિક બિલ્ડિંગમાં ૧૨ માળે આગ લાગ્યા બાદ ફાયર વિભાગ દ્વારા વિશાળ ક્રેનની મદદથી પાણીનો મારો ચલાવીને આગ પર કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો.

હવે આગ કોની બેદરકારીના કારણે લાગી તે અંગે વધુ તપાસ કરવામાં આવી રહી છે. બનાવની જાણ થતા ફાયર વિભાગના અધિકારીઓ પણ ઘટના સ્થળ પર પહોંચ્યા હતા અને બનાવ અંગેના કારણને લઈને તપાસ કરી હતી. શું ફર્નિચરના કારીગરોની બેદરકારીના લીધે આગ લાગી હતી કે કેમ તે અંગે પણ તપાસ કરવામાં આવશે.

### ઝીરો થઈ જશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ સ્થિતિમાં સેકટરોમાં કેબલો કટ થતા વારંવાર સેકટરોની લાઇટો ડુલ થતી હોવાની ફરિયાદોનુ પ્રમાણ પણ વધ્યુ છે. સેકટરોમાં અંદાજિત ૧૮ હજાર જેટલા સ્ટ્રીટ લાઇટના થાંભલા છે. જયારે એલ ઇ ડી લાઇટના પ્રોજેકટનો અમલ થયા બાદ વિજ બીલની રકમમાં પણ નોંધપાત્ર બચત થતી હોવાનુ ધ્યાને આવ્યુ છે. વરસાદી દિવસો દરમિયાન આમ પણ સેકટરોમાં સ્ટ્રીટ લાઇટો બંધ રહેતી હાવાની ફરિયાદો વધી જતી હોય છે. ત્યારે આ વખતે ઠેર ઠેર ખોદકામ થઇ રહ્યુ હોવાના લીધે કેબલો કટ થતા પણ લાઇટો ડુલ રહેતી હોવાનુ ધ્યાને આવ્યુ છે. હાલની સ્થિતિએ પણ સે-૫, સે-૬ સે-૨૫,૨૬,૨૭ અને સે-૨૮ તેમજ ૨૯ માં ખોદકામ ચાલી રહ્યુ છે. જયારે જે વિસ્તારમાં ખોદાણ થતુ હોય તેવા પોકેટમાં લાઇટો ડુલ થતી હોવાની ફરિયાદો સ્થાનિકો માટે રોષનુ કારણ બની છે. સેકટરોમાં અજવાળુ પથરાય તે માટે વારંવાર સેકટરોના જાગૃત નાગરિકો દ્વારા પણ રજુઆત કરવામાં આવી રહી છે. નવરાત પર્વ નજીકમાં છે. શહેરના સેકટરોમાં શેરી ગરબાની ઉજવણીને અનુલક્ષી તૈયારીઓ કરવામાં આવી રહી છે. ત્યારે સેકટરોમાં નવરાત પર્વ પુર્વે સ્ટ્રીટ લાઇટોની ફરિયાદો દુર કરવા માટે પણ સ્થાનિક અગ્રણીઓ દ્વારા રજુઆત કરવામાં આવી છે. જો કે તંત્ર દ્વારા પણ નવરાત્રિમાં સેકટરોની શેરીઓમાં એક પણ લાઇટ બંધ ન રહે તે માટે પુરતા પ્રયાસ કરવામાં આવશે આ માટે હાલ પણ સેકટરોમાં લાઇટના થાંભલા બંધ હોય તે મામલે સર્વે હાથ ધરી ફરિયાદોનુ નિરાકરણ લાવવા માટે ટીમ કામે લાગી છે. બીજીતરફ પાણી પુરવઠા બોર્ડ કક્ષાએથી પણ આડેધડ ખોદકામ કરવામાં આવી રહ્યુ છે. જેના લીધે સેકટરોમાં અવારનવાર લાઇટો ડુલ થતી હોવાની ફરિયાદો વધી છે. હાલ પણ શહેરના નવા અને જુના સેકટરોમાં ખોદકામ ચાલી રહ્યુ છે. ત્યારે સ્ટ્રીટ લાઇટની ફરિયાદોને ડામવા માટે પાણી પુરવઠા બોર્ડ કક્ષાએથી પણ પાટનગર યોજના વિભાગના ઇલેક્ટ્રીક વિભાગ સાથે સંકલન રાખી આમ નાગરિકોને હાલાકી ન વેઠવી પડે તે મુજબ કામગીરી કરવી જોઇએ તે પણ અનિવાર્ય છે.

### કેદની સજા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચાલી જતા સરકારી વકીલ તરીકે સુનિલ એસ પંડયાએ દલીલો કરી હતી. આ દરમિયાન કેસ કાર્યવાહી દરમિયાન ભોગ બનનાર, ફરિયાદી , ડોકટર્સ , આચાર્ય તપાસ કરનાર અમલદારના નિવેદનો પણ લેવામાં આવ્યા હતા. સરકારી વકીલ સુનિલ પંડયાએ પણ સગીરાની ઉંમર માત્ર ૧૫ વર્ષની હોવાનુ જણાંવી સમાજમાં દિનપ્રતિદિન બનતા આવા ગુન્હામાં દાખલો બેસે તેવી સજા કરવા માટે કોર્ટ સમક્ષ દલીલો કરી હતી. પુરાવાઓ અને દલીલોને ધ્યાનમાં રાખી જજ એસ ડી મહેતાએ આ કેસના આરોપી દશરથસિંહ ભવાનસિંહ ઝાલાને ૨૦ વર્ષની સજા તેમજ રૂ ૧૦ હજારનો દંડ ભોગવવા આદેશ કર્યો છે. આરોપી દંડની રકમ ન ભરે તો વધુ છ માસની કેદની સજા ભોગવવા પણ કોર્ટે આદેશ કર્યો છે. આ ઉપરાંત આ કેસના આરોપી વિજયસિંહ કેદારસિંહ ઝાલાને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો છે.

### મહાવિદાય

● અનુસંધાન પહેલાનું ચાલુ

સમ્રાટ નારુહિતોથી લઈને ફ્રાન્સના રાષ્ટ્ર પ્રમુખ ઈમેનુએલ મેક્રોં સહિત ઘણા નેતાઓને આવકાર્યા હતા. તેમની અંતિમ વિદાયમાં ૨,૦૦૦થી વધુ મહાનુભાવો હાજર રહ્યા.

ક્વિન એલેઝાબેથ ૭૦ વર્ષ અને ૨૧૪ દિવસ સુધી બ્રિટનના મહારાણી પદે રહ્યા. ૯૬ વર્ષની વયે તેમણે અંતિમ શ્વાસ લીધા હતા. ક્વિનની અંતિમ વિદાયનો કાર્યક્રમ જે વેસ્ટમિંસ્ટર એબે ખાતે રાખવામાં આવ્યો છે ત્યાં જ ક્વિને નવેમ્બર ૧૯૪૭માં પ્રિન્સ ફિલિપ સાથે પોતાના લગ્નનો કાર્યક્રમ પણ રાખ્યો હતો. તેમના સૌથી મોટા પુત્ર કિંગ ચાર્લ્સ ત્રીજાએ મિલિટ્રી ડ્રેસ પહેર્યો હતો અને તેમને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. પોતાના ક્વિનની અંતિમ વિદાય દરમિયાન યુકેમાં બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું.

મહારાણી એલિઝાબેથ દ્વિતીયને અલવિદા કહેતાં યુકેમાં લાખો લોકોની આંખોમાં દુખ દેખાઈ રહ્યું છે. મહારાણીની અંત્યેષ્ટિના દિવસે બ્રિટન રજા જાહેર કરવામાં આવી હતી. અમેરિકી રાષ્ટ્રપતિ બાઈડને બકિંગહામ પેલેસ જતા પહેલા મહારાણી એલિઝાબેથ દ્વિતીયએ તેમને પોતાની માતાની યાદ અપાવી હોવાનો પણ ઉલ્લેખ કર્યો હતો.

### ૬ દિવસ બંધ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પોલીસ દ્વારા આપવામાં આવેલી માહિતી પ્રમાણે હોસ્ટેલમાં રહેતી આરોપી યુવતીની ધરપકડ કરવામાં આવી છે. તે સિવાય તેના બોયફ્રેન્ડ સની મેહતાની (ઉં. ૨૩ વર્ષ) શિમલા ખાતેથી ધરપકડ કરવામાં આવી છે. તે એક ટ્રાવેલ એજન્સીમાં કામ કરે છે. પોલીસે શિમલા ખાતે એક બેકરીમાં કામ કરતા અન્ય એક શખ્સની પણ ધરપકડ કરી છે.

વિદ્યાર્થીનીઓએ વહીવટી તંત્ર અને યુનિવર્સિટી મેનેજમેન્ટ આ કેસને દબાવવા પ્રયત્ન ન કરે તેવી માગણી સાથે હોબાળો કર્યો હતો. આ બધા વચ્ચે યુનિવર્સિટી પ્રશાસને સર્ક્યુલર બહાર પાડીને એક સપ્તાહ માટે વર્ગ સસ્પેન્ડ કરી દીધા છે. આગામી ૨૪મી સપ્ટેમ્બર સુધી તમામ ક્લાસ સસ્પેન્ડ કરવામાં આવ્યા હોવાથી વાલીઓ પોતાના સંતાનોને ઘરે લઈ જવા માટે પહોંચ્યા છે. જોકે આ સમય દરમિયાન ટીચિંગ અને નોન ટીચિંગ સ્ટાફને સામાન્ય દિવસોની માફક કાર્યાલયમાં રિપોર્ટ કરવા માટે કહેવામાં આવ્યું છે.

### કમિશન રચાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

એક અહેવાલ પ્રમાણે અલ્પસંખ્યક મામલાઓના મંત્રાલય અને કાર્મિક અને પ્રશિક્ષણ વિભાગ (ડીઓપીટી)એ આ નિર્ણય માટે લીલી ઝંડી આપી દીધી છે અને ગૃહ, કાયદા, સામાજીક ન્યાય અને અધિકાર તથા નાણા મંત્રાલયો વચ્ચે આ મામલે વિચાર-વિમર્શ ચાલી રહ્યો છે.

સુપ્રીમ કોર્ટમાં એવી અનેક અરજીઓ પેન્ડિંગ છે જેમાં ધર્મ પરિવર્તન કરીને ઈસાઈ કે મુસ્લિમ બનનારા દલિતોને અનામતનો લાભ આપવાની માગણી કરવામાં આવેલી છે. આ કારણે કમિશન રચવાનું સૂચન ખૂબ મહત્વનું બની રહે છે.

બંધારણીય (અનુસૂચિત જાતિ) આદેશ ૧૯૫૦ના અનુચ્છેદ ૩૪૧ અંતર્ગત એવું નિર્ધારિત કરવામાં આવેલું છે કે, હિંદુ, શીખ કે બૌદ્ધ ધર્મ સિવાયના અન્ય ધર્મનું પાલન કરનારા કોઈ પણ વ્યક્તિને અનુસૂચિત જાતિના સદસ્ય ન માની શકાય. જોકે માત્ર હિંદુઓને જીઝમાં આવરી લેતા આ મૂળ આદેશમાં ૧૯૫૬ના વર્ષમાં શીખોને તથા ૧૯૯૦ના વર્ષમાં બૌદ્ધોને સામેલ કરવા માટે સંશોધન કરવામાં આવ્યું હતું.